—— COPY ——


# THE GANDHIDHAM
# CHAMBER OF COMMERCE & INDUSTRY

(ESTD. 1953)
"CHAMBER BHAVAN", Plot No. 71, Sector 8, Post Box No. 58,
**GANDHIDHAM** - Kachchh - 370 201.
**Phone** : +91-02836-220977, 220735 • **Mobile** : 99250 37814 • **Fax** : 220888
**e-mail** : info@gccikandla.com • **Website** : www.gccikandla.com


No. GCCI / ૫૭૧

તા: ૧૬.૧૦.૨૦૧૮

શ્રી. નિતિનભાઈ પટેલ,
માનનિય નાયબ મુખ્ય મંત્રીશ્રી - ગુજરાત રાજ્ય,
મંત્રીશ્રી નાણાં, માર્ગ અને મકાન વિભાગ,
સ્વર્ણિમ સંકુલ – ૧, ૨જે માળે, નવા સચિવાલય,
ગાંધીનગર – ૩૮૨૦૧૦

વિષય: ગાંધીધામ – ભુજનાં ધોરીમાર્ગ ઉપરનાં ફ્લાય ઓવરનાં કાર્યને ઝડપથી પૂર્ણ કરવા બાબતે....

માનનિયશ્રી,

સવિનય જણાવવાનું કે ગાંધીધામ – ભુજનાં ધોરીમાર્ગ ઉપર ફ્લાય ઓવરોનું કાર્ય કોઈ અગમ્ય કારણોસર આગળ વધતું નથી. આથી માર્ગ વાહન-વ્યવહારને અનેક અડચણોનો સામનો કરવો પડે છે. છેલ્લા દોઢ દાયકાથી ગાંધીધામ – ભુજનાં ધોરીમાર્ગ ઉપર વાહન વ્યવહારનો અનેક ઘણો વધારો થયેલ છે. આ ધોરીમાર્ગની આજુબાજુમાં પણ અનેક રહેણાંક વિસ્તારોનો વિકાસ થયેલ છે. આથી દિન-પ્રતિદિન આ ધોરીમાર્ગ ઉપર વાહન વ્યવહાર વધી રહ્યો છે.

આ ફ્લાય ઓવરોનું કાર્ય સમયસર પૂરું થતું ન હોવાને લીધે વારંવાર ટ્રાફીકજામની સમસ્યાનો સામનો કરવો પડે છે જેને કારણે આજનાં ઝડપીયુગમાં સમય અને ઇંધણની બરબાદી થાય છે અને સાથે સાથે વાહન ચાલકોને સમયને બચાવવા માટે ના છુટકે અતિ ઝડપથી વાહનો ચલાવવા પડે છે. આ પરિસ્થિતિ માર્ગ અકસ્માતો તરફ લઈ જઈ રહી છે.

ઉપરોક્ત પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખતાં, ગાંધીધામ – ભુજનાં ધોરીમાર્ગ ઉપરનાં ફ્લાય ઓવરોનું કાર્ય ઝડપથી પુરું કરવામાં આવે તેવી આજનાં સમયની તથા પ્રજાની લાગણી અને માંગણી છે.

અમને આશા છે કે ગુજરાત સરકાર આ જરૂરીયાતની નોંધ લઈ લગતાવળગતા સૌને તાકિદ કરી ફ્લાય ઓવરનું કાર્ય ઝડપથી પૂર્ણ થાય તે માટે યોગ્ય પગલાં ભરશે એજ અપેક્ષા સહ....

આભાર...

આપનો વિશ્વાસુ,

દિનેશ ગુપ્તા
પ્રમુખ

નકલ રવાનાં:૧) શ્રી દિલીપભાઈ ઠાકોર,પ્રભારી મંત્રી, કચ્છ જિલ્લો
૨) શ્રીમતી ડૉ. નિમાબેન આચાર્ય, ધારાસભ્યશ્રી, ભુજ મત વિસ્તાર
૩) શ્રીમતી માલતીબેન મહેશ્વરી, ધારાસભ્યશ્રી, ગાંધીધામ મત વિસ્તાર
૪) શ્રીમતી રેમ્યા મોહન, કલેક્ટરશ્રી, કચ્છ જિલ્લો, ભુજ
૫) કાર્યપાલક ઇજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, ભુજ – કચ્છ